# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2025** **EVENING : 7.50 to 8.00**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

***************************************************

1. ભારત પોર્ટલના ઉદઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે હવે વિદેશમાં ભાગી ગયેલા દેશના ભાગેડુ આરોપીઓ ઝડપથી પકડાશે
2. દિલ્હી વિધાનસભાની ચૂંટણી પાંચમી ફેબ્રુઆરીએ થશે જ્યારે પરિણામ આઠમી તારીખે જાહેર થશે
3. ભારત અને મલેશિયા, આતંકવાદ અને કટ્ટરવાદનો સામનો કરવા માટે સહમત થયા
4. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે "જનભાગીદારી સે જનકલ્યાણ" ની થીમ સાથેનું કેલેન્ડરનું વિમોચન કર્યું
5. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે નાણાકીય વર્ષ 2024-25માં GDP 6.4 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ જાહેર કર્યો

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SHAH - BHARATPOL

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું છે કે ભારતપોલ પોર્ટલ અને ત્રણ નવા ફોજદારી કાયદાઓને કારણે વિદેશ ભાગી ગયેલા ભાગેડુઓને પકડવાની કામગીરીમાં સરળતા રહેશે . આજે નવી દિલ્હીમાં ભારતપોલ પોર્ટલનું લોકાર્પણ કરતાં શ્રી શાહે જણાવ્યું હતું કે ભારત પોર્ટલ તમામ રાજ્યોની તપાસ એજન્સીઓ અને પોલીસને 195 દેશોના ઇન્ટરપોલ નેટવર્ક સાથે જોડીને ગુના નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## (બાઈટ - અમિત શાહ)

શ્રી શાહે જણાવ્યું કે ભારતપોલ પોર્ટલ વૈશ્વિક નેટવર્ક દ્વારા રેડ કોર્નર નોટિસ અને અન્ય ચેતવણીઓ જારી કરવા સહિત રીઅલ-ટાઇમ ડેટા શેરિંગ માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિનંતીઓના પ્રતિસાદને ઝડપી બનાવશે. શ્રી શાહે ડ્રગની હેરાફેરી, શસ્ત્રોની દાણચોરી, માનવ તસ્કરી અને સરહદ પારના આતંકવાદ જેવા ગુનાઓને નાથવા માટે નવી સિસ્ટમ કારગત નિવડેશે તેવી આશા વ્યક્ત કરી હતી.. ભારતપોલ પોર્ટલ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન,CBI દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.

# DELHI ELECTION

દિલ્હી વિધાનસભા માટે 5 ફેબ્રુઆરીએ મતદાન થશે અને 8 ફેબ્રુઆરીએ મતગણતરી થશે. ચૂંટણી પંચે આજે 70 બેઠકો વાળી દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેના મતદાન કાર્યક્રમની જાહેરાત કરી છે.

આજે નવી દિલ્હીમાં પ્રત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, 10મી જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિધ્ધ કરાશે  અને નામાંકનની છેલ્લી તારીખ 17મી જાન્યુઆરી રહેશે. શ્રી. કુમારે કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં એક કરોડ 55 લાખથી વધુ મતદારો માટે 13 હજાર 33 મતદાન મથકો હશે તેમણે આશા વ્યક્ત કરી કે દિલ્હીના મતદારો આ વખતે મોટી સંખ્યામાં મતદાન કરશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે EVM સાથે ચેડાં કરવાના આરોપોને નકાર્યા હતા.. તેમણે પુનરોચ્ચાર કર્યો કે EVM એ ફૂલપ્રૂફ ઉપકરણો છે અને મતદાનના ડેટામાં ફેરફાર કરવો અશક્ય છે.  વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ આવતા મહિનાની 23 તારીખે સમાપ્ત થશે. વર્ષ 2020ની વિધાનસભા ચૂંટણીમાં AAPએ 62 બેઠકો જીતી હતી જ્યારે ભાજપને 8 બેઠકો મળી હતી. કોંગ્રેસ ખાતુ પણ ખોલી શકી ન હતી.

# NADDA ELECTION

ભાજપના અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ આજે દિલ્હી વિધાનસભા ચૂંટણીની જાહેરાતનું સ્વાગત કરતા કહ્યું કે ચૂંટણી એ લોકશાહીનો સૌથી મોટો ઉત્સવ છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. નડ્ડાએ કહ્યું કે ચૂંટણી એ દેશ અને રાજ્યને વિકાસ અને સુશાસનના માર્ગ પર આગળ વધારવાનું એક માધ્યમ છે. તેમણે દિલ્હીના લોકોને એવી સરકાર પસંદ કરવા વિનંતી કરી કે જે જીવનધોરણ સુધારવા, ભ્રષ્ટાચાર સામે લડવા, પ્રદૂષણ ઘટાડવા અને રોજિંદા જીવનને સરળ બનાવવા ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે.

# PM - DATA PROTECTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે "ડ્રાફ્ટ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન રૂલ્સ, 2025" નાગરિક-કેન્દ્રિત શાસન પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રાથમિકતા આપે છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવની પોસ્ટનો જવાબ આપતાં, શ્રી મોદીએ કહ્યું કે નિયમોનો ઉદ્દેશ્ય વૃદ્ધિ અને સર્વસમાવેશીતાને અનુલક્ષીને વ્યક્તિગત માહિતીની સુરક્ષા કરવાનો છે. આઇ.ટી મંત્રાલય દ્વારા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન રૂલ્સનો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. ડ્રાફ્ટ નિયમો નાગરિકોના ડિજિટલ વ્યક્તિગત ડેટાની સુરક્ષા કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. મંત્રાલયે MyGov પ્લેટફોર્મ દ્વારા આવતા મહિનાની 18મી તારીખ સુધી જનતા અને હિતધારકો પાસેથી ડ્રાફ્ટ નિયમો પર પોતાના અભિપ્રાયો મંગાવ્યા છે.

# BULLETE TRAIN PROJECT

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ -48 પર 210 મીટર લાંબા પુલનું બાંધકામ પૂર્ણ થઇ ગયું છે..

વલસાડના પંચલાઈ નજીકના વાઘલધરા ગામમાં નેશનલ હાઈવે-48ને પાર કરવા માટે 210 મીટર લાંબા પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રીટ પુલનું બાંધકામ બીજી જાન્યુઆરી, 2025ના રોજ પૂર્ણ થયું હતું. આ પુલ 72 પ્રીકાસ્ટ સેગમેન્ટનો સમાવેશ કરે છે આ પુલ સંતુલિત કેન્ટીલીવર પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જે મોટા સ્પાન્સ માટે યોગ્ય છે.

સુરત અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ 48ને પાર કરતા બે PSC બ્રિજ પહેલેથી જ પૂર્ણ થઈ ગયા છે. જેની લંબાઈ અનુક્રમે 260 મીટર અને 210 મીટર છે.

# INDIA MALESIYA DILOGUE

ભારત અને મલેશિયા, આતંકવાદ અને કટ્ટરવાદનો સામનો કરવા માટે સહમત થયા છે.. ભારત અને મલેશિયા એ, પ્રથમ સત્તાવાર સ્તરની સુરક્ષા વાટાઘાટોમાં આતંકવાદ અને કટ્ટરપંથીનો સામનો કરવા માટે ખભેખભા મિલાવીને કાર્ય કરવા માટે સંમતિ દર્શાવી છે..

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને મલેશિયાના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના ડાયરેક્ટર જનરલ દ્વારા સુરક્ષા વાટાઘાટોની સહ-અધ્યક્ષતા, કરવામાં આવી હતી. બંને દેશોએ પરસ્પર સંબંધોને લગતા છ કરારો પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

વિદેશ મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, સુરક્ષા વાટાઘાટો દરમિયાન, બંને પક્ષોએ વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા વાતાવરણ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને સુરક્ષા, સંરક્ષણ અને દરિયાઈ ક્ષેત્રોમાં ચાલી રહેલા દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરી હતી. બંને પક્ષો આતંકવાદ અને કટ્ટરવાદનો સામનો કરવા, સાયબર સુરક્ષા, સંરક્ષણ ઉદ્યોગ અને દરિયાઈ સુરક્ષામાં સહયોગ વધારવા સંમત થયા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

# EVE VAISHNAW - CALENDAR LAUNCH

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં 2025 માટે ભારત સરકારના કેલેન્ડરનું અનાવરણ કર્યું હતું. સરકારે તેના 2025 કેલેન્ડર માટે "જનભાગીદારી સે જનકલ્યાણ" ને કેન્દ્રીય થીમ તરીકે પસંદ કરી છે, રેલ ભવન ખાતે કેલેન્ડરનું અનાવરણ કરતાં, શ્રી વૈષ્ણવે ગરીબોના કલ્યાણમાં સુધારો કરવા, મહિલાઓને સશક્તિકરણ કરવા અને સમગ્ર દેશમાં માળખાગત વિકાસને આગળ વધારવામાંની થયેલી કામગીરીને વર્ણવી હતી. માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન, માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ, પીઆઈબીના પ્રિન્સિપલ ડાયરેક્ટર જનરલ ધીરેન્દ્ર ઓઝા અને સેન્ટ્રલ બ્યુરો ઑફ કોમ્યુનિકેશનના ડિરેક્ટર જનરલ યોગેશ બાવેજા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

# MAHARASHTRA HMPV

મહારાષ્ટ્રમાં, રાજ્યના તબીબી શિક્ષણ પ્રધાન હસન મુશ્રિફે આજે રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજોના ડીનને માનવ મેટાપ્યુમોવાયરસ (HMPV)ના પગલે જરૂરી વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો છે. મંત્રી હસન મુશ્રીફે સરકારી મેડિકલ કોલેજોના તમામ ડીનને જો જરૂરી હોય તો પૂરતી દવાઓ, ઓક્સિજનનો પુરવઠો અને આઇસોલેશન સુવિધાઓ તૈયાર કરવા સૂચના આપી હતી. મંત્રીએ ડીનને જરૂરિયાત મુજબ વધારાની દવાઓ માટે જિલ્લા કલેક્ટરનો સંપર્ક કરવા પણ નિર્દેશ આપ્યો હતો. આ ઉપરાંત મત્રીએ પત્રકારો સાથેની વાતચિતમાં કહ્યું હતું કે રાજ્યમાં એચએમવીપીનો એક પણ કેસ નોંધાયો નથી.

# NEW FIRST ADVANCE ESTIMATES- GDP

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે નાણાકીય વર્ષ 2024-25માં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ GDP 6.4 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ જાહેર કર્યો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે આજે નોમિનલ જીડીપીમાં વૃદ્ધિ દર 9.7 ટકાનો અંદાજ મૂક્યો છે.

આ અંદાજ દર્શાવે છે કે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રના વાસ્તવિક જીવીએમાં 3.8 ટકા વૃદ્ધિનો અંદાજ છે, જે અગાઉના વર્ષના 1.4 ટકાથી નોંધપાત્ર વધારો છે. બાંધકામ ક્ષેત્ર અને ફાઇનાન્શિયલ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસ સેક્ટરમાં પણ મજબૂત વૃદ્ધિની અપેક્ષા છે.

# MUMBAI RBI

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા,RBIએ બેંકો અને નાણાકીય સંસ્થાઓ માટે ગ્રાહક ધિરાણની માહિતી જાહેર કરવા અંગેની માર્ગદર્શિકાઓ જાહેર કરી  છે. નિર્દેશો મુજબ, ક્રેડિટ માહિતી કંપનીઓએ ગ્રાહકોને એસ.એમ.એસ અથવા ઈ-મેલ દ્વારા ચેતવણીઓ મોકલવી પડશે બેંકો અને નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ, NBFC સહિતની ક્રેડિટ સંસ્થાઓએ પણ ગ્રાહકોને ડેટા સુધારણા માટેની વિનંતીઓ નકારવાના કારણો વિશે જાણ કરવી આવશ્યક છે. આ માર્ગદર્શિકાને કારણે ગ્રાહકોને તેમના CIRમાં કોઈપણ સમસ્યાને સમજવામાં અને તેનું નિરાકરણ કરવામાં મદદ મળશે.

# STOCK MARKET

ઓઇલ અને ગેસ, એનર્જી અને હેલ્થકેર સેક્ટરના શેરોની આગેકૂચના પગલે આજે શેરમાર્કેટમાં તેજીનો દોર જોવા મળ્યો હતો.. મુંબઇ શેરબજારનો સૂચકાંક 234 અંકના વધારા સાથે 78 હજાર 199ની સપાટી પર પર બંધ રહ્યો હતો.. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ નિફ્ટી 92 અંક વધીને 23 હજાર 708 અંક પર બંધ થયો હતો..

બીએસઈ ખાતેના મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો.

# MANDAVIYA OLYMPICS

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં 152મી મિશન ઓલિમ્પિક સેલની બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે ભારતે ઓલિમ્પિક 2028ની તૈયારીઓ શરૂ કરી દીધી છે અને ઓલિમ્પિક 2028માં એથ્લેટ્સ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે સુનિશ્ચિત કરવા માટે વ્યૂહરચના બનાવવામાં આવી રહી છે.

બેઠક બાદ  ભારતીય બેડમિન્ટન ટીમના મુખ્ય રાષ્ટ્રીય કોચ, પુલેલા ગોપીચંદે જણાવ્યું હતું કે અમારી ઇકોસિસ્ટમ વિવિધ દેશો, વિવિધ રમતો અને વિવિધ ઇકોસિસ્ટમમાંથી આવતા વિવિધ ખેલાડીઓ સાથે ખૂબ જ પડકારજનક છે.

# EVE. NEPAL TIBET EARTHQUAKE

નેપાળ-તિબેટ સરહદી વિસ્તારમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક 95 પર પહોંચી ગયો છે. ચીનના સત્તાવાર મીડિયાએ અહેવાલ આપ્યો છે કે આ પ્રદેશમાં આજે સવારે 7.1ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ 130 લોકો ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્ર નેપાળ સરહદ નજીક તિબેટ સ્વાયત્ત ક્ષેત્રના ઝિઝાંગમાં 10 કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. ઝિઝાંગ શહેરમાં વ્યાપક નુકશાન થયું હોવાના અહેવાલ છે.. ડીંગરીના ચાંગસુઓ ટાઉનશીપના ટોંગલાઈ ગામમાં અનેક મકાનો ધરાશાયી થયા હોવાના અહેવાલ છે. ભૂકંપ બાદ સતત બે આફ્ટરશોક્સ આવ્યા હતા. આ ભૂકંપે સમગ્ર ઉત્તર ભારતની ધરાને પણ ધ્રુજાવી હતી.. બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ જેવા વિસ્તારોમાં તેની અસર વર્તાઇ હતી.. જોકે ભારતમાં અત્યાર સુધી કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયાના અહેવાલ નથી.